For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ભાઈની કલાઈ સૂની રહી ગઈ : માણેજા ક્રોસિંગ પાસે રસ્તો ઓળંગતી વેળાએ દુર્ઘટના

# રક્ષાબંધન ટાણે માતમ, બેફામ બાઈક ચાલકે ૬ વર્ષીય માસૂમ બાળકીનો ભોગ લીધો

**સયાજી** હોસ્પિટલમાં સારવાર દરમિયાન માસૂમ ધ્વનિનું મોત, અન્ય ઇજાગ્રસ્ત મહિલા અને બાળકી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

**મકરપુરા** પોલીસએ અકસ્માત સર્જનાર નબીરા બાઈક ચાલકની અટકાયત કરી કાયદેસરની તપાસ હાથ ધરાઈ




માણેજા ક્રોસિંગ નજીક પૂરઝડપે આવી રહેલા બુલેટ બાઈક ચાલકે રસ્તો ઓળંગી રહેલી માતા અને બે માસૂમ બાળકીઓને અડફેટે લેતા ૬ વર્ષીય ધ્વનિ પટેલનું મોત થયું હતું. જ્યારે અન્ય બાળકી અને મહિલાને સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે.

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

પવિત્ર રક્ષાબંધન જેવા ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને સ્નેહના તહેવાર ટાણે જ વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં એક હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી દુર્ઘટના સર્જાઈ છે. માણેજા ક્રોસિંગ નજીક પૂરઝડપે આવી રહેલા એક બેફામ બુલેટ બાઈક ચાલકે રસ્તો ઓળંગી રહેલી માતા અને બે માસૂમ બાળકીઓને અડફેટે લેતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૬ વર્ષીય માસૂમ બાળકીનું મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, માણેજા ક્રોસિંગથી જાંબુવા તરફ જતા માર્ગ પર અકસ્માતની આ કરુણ ઘટના બની હતી. પુરઝડપે અને બેફામ રીતે દોડી રહેલી બાઈકના ચાલકે રસ્તો ક્રોસ કરી રહેલા પરિવારને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મૂળ દુમાડ ગામના મોટું ફળિયામાં રહેતા જીગરભાઈની ૬ વર્ષીય પુત્રી ધ્વનિ જીગરભાઈ પટેલ ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત બાળકીને તાત્કાલિક સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ આ માસૂમે કાળનો ભેટો કર્યો હતો અને તેનું અવસાન થયું હતું. જ્યારે આ જ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલી અન્ય એક બાળકી અને મહિલાને તાત્કાલિક ધોરણે નજીકની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

તહેવારના દિવસોમાં જ બનેલી આ કરુણ ઘટનાથી મૃતક બાળકીના પરિવારમાં આક્રંદ છવાઈ ગયો છે. ખુશીનો માહોલ પળભરમાં માતમમાં ફેરવાઈ જતાં સમગ્ર દુમાડ ગામ અને વડોદરાના માણેજા વિસ્તારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

અકસ્માત બાદ ઘટનાસ્થળે રોષે ભરાયેલા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મકરપુરા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધીને ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે અને અકસ્માત સર્જનાર નબીરા બાઈક ચાલકની અટકાયત કરી વધુ કાયદેસરની તપાસ શરૂ કરી છે.

લકી હોટલ નજીક વરસાડા કટ પાસે અકસ્માત સર્જાયો

# નેશનલ હાઈવે ૪૮ પર કાર ચાલકે સાઈકલ સવારને અડફેટે લેતા યુવકનું મોત

**અકસ્માત** કર્યા બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

સુરતથી વડોદરા તરફ જતા નેશનલ હાઈવે-48 પર લકી હોટલ નજીક વરસાડા કટ પાસે કાર ચાલકે આગળ જઈ રહેલી સાઈકલને ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સાઈકલ સવાર 45 વર્ષીય રવી સુર્યદેવ શાહને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર મળે તે પહેલાં જ તેમનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારનો ચાલક કાર સાથે ફરાર થઈ જતાં વરણામા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તા. 27 ઓગસ્ટ 2026ના રોજ સવારે



આશરે 9:30 વાગ્યાના સમયે રવી સુર્યદેવ શાહ (ઉં.વ. 45), હાલ પોર ખાતે આવેલી રામેશ્વરમ સોસાયટીમાં રહેતા હતા, તેઓ પોતાની સાઈકલ લઈને સુરતથી વડોદરા તરફ આવતા નેશનલ હાઈવે-48 પર લકી હોટલ નજીક વરસાડા કટ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

દરમિયાન પાછળથી આવેલી ઈનોવા ક્રિસ્ટા ટેક્સીના અજાણ્યા ચાલકે વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આગળ જઈ રહેલી સાઈકલને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે રવી શાહ સાઈકલ પરથી રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમના માથા, છાતી તથા બંને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માામાં ગંભીર રીતે ઘવાયેલા રવી શાહનું સારવાર મળે તે પહેલા જ ક માટી ભર્યું મોત નીપજ્યું હતું. બીજી તરફ અકસ્માત સર્જ્યા બાદ ઈનોવા ક્રિસ્ટાનો ચાલક કાર લઈને ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકના સાથી કર્મચારી ગેના પરમેશ્વર પ્રસાદે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વરણામા પોલીસે ઈનોવા ક્રિસ્ટા ટેક્સી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

AAI ની X હેન્ડલ પર સત્તાવાર જાહેરાત

# વડોદરાથી મુન્દ્રા વચ્ચે એર ટેક્સી સેવા શરૂ નવ કલાકની સફર એકથી દોઢ કલાકમાં

**ભાડું** અને સમયપત્રક ટૂંક સમયમાં જાહેર થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરાના ઉદ્યોગકારો અને વેપારીઓ માટે મહત્વના સમાચાર છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વડોદરાથી કચ્છના મુન્દ્રા વચ્ચે એર ટેક્સી સેવા શરૂ કરવાની સત્તાવાર જાહેરાત વડોદરા એરપોર્ટના ઓફિશિયલ X હેન્ડલ પરથી કરવામાં આવી છે.

NOW FLY SMARTER - વડોદરા ટુ મુન્દ્રા, કનેક્ટિંગ બિઝનેસ, પાવરિંગ પ્રોગ્રેસના સૂત્ર સાથે શરૂ થયેલી આ હેલિકોપ્ટર સેવાને ફાસ્ટર, સ્માર્ટર અને સીમલેસ ગણાવવામાં આવી છે. આ સેવા શરૂ થતા રોડ માર્ગે આઠથી નવ કલાક લેતી સફર હવે હવાઈ માર્ગે માત્ર એક થી દોઢ કલાકમાં પૂર્ણ થશે. આ એર ટેક્સીમાં પ્રીમિયમ




સીટિંગ, આરામદાયક મુસાફરી, સરળ ચેક-ઈન અને હાઈ સેફ્ટી સ્ટાન્ડર્ડ સાથે અનુભવી ક્રૂની સુવિધા મળશે. આ સેવા ખાસ કરીને બિઝનેસ ટ્રાવેલર્સ, પ્રોફેશનલ્સ અને ઉદ્યોગો માટે આદર્શ મનાય છે. આ સેવા તદ્દન નવી હોવાથી તેના ટિકિટના ભાવ, ચોક્કસ સમયપત્રક અને એરક્રાફ્ટના પ્રકાર અંગેની વિગતવાર માહિતી હજુ જાહેર કરવાની બાકી છે. પ્રાથમિક માહિતી મુજબ ભારતમાં પ્રાદેશિક એર ટેક્સીનું ભાડું અંતર અને સીટ ક્ષમતા પ્રમાણે નક્કી થતું હોય છે. વડોદરા-મુન્દ્રા રૂટનું ચોક્કસ ભાડું ટૂંક સમયમાં ઓપરેટિંગ એરલાઈન જાહેર કરશે. બુકિંગ સંબંધિત ઓપરેટરની વેબસાઈટ, ઓનલાઈન ટ્રાવેલ પોર્ટલ અથવા વડોદરા એરપોર્ટના કાઉન્ટર પરથી થઈ શકશે. દિવસમાં કેટલી ટ્રિપ રહેશે તેનું ટાઈમ-ટેબલ પણ ટૂંક સમયમાં જાહેર થશે. સામાન્ય રીતે આવા રૂટ પર ચાર થી નવ સીટર નાના અને આધુનિક ચાર્ટર એરક્રાફ્ટનો ઉપયોગ થાય છે. આ સેવા કઈ એરલાઈન સંચાલિત કરશે અને બુકિંગ ક્યારથી શરૂ થશે તેની સત્તાવાર વિગતો આવતા જ અપડેટ કરાશે. તંત્ર દ્વારા મુસાફરોને એડવાન્સ બુકિંગ કરાવવા સલાહ આપવામાં આવી છે.

ગુજરાતનું જળસંકટ ટળવાની આશા

# સરદાર સરોવર ડેમ તેની સર્વોચ્ચ સપાટી તરફ, ૮૬.૪૧ ટકા ભરાયો

**ઉપરવાસમાંથી** 75 હજાર ક્યુસેકની આવક

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ઉપરવાસમાંથી સતત થઈ રહેલી પાણીની આવકને કારણે ભારે વધારો નોંધાયો છે. ચાલુ ચોમાસાની સિઝનમાં ડેમ અત્યાર સુધીના તેના સર્વોચ્ચ સ્તરે પહોંચી રહ્યો છે, જેનાથી ગુજરાતમાં જળસંકટ ટળવાની મોટી આશા બંધાઈ છે.

તા. 28/08/2026ના સાંજે 5 કલાકની સ્થિતિએ ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર સામે હાલની સપાટી 134.56 મીટરે પહોંચી છે. એટલે કે ડેમ હવે તેની મહત્તમ સપાટીથી માત્ર 4 મીટર જ દૂર છે. હાલ ડેમમાં કુલ 8174.60 MCM પાણીનો જથ્થો છે જે તેની કુલ ક્ષમતાના 86.41



ટકા જેટલો છે. સત્તાવાર વિગતો મુજબ ડેમમાં હાલ 75,234 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. સામે નર્મદા નદીમાં 614 ક્યુસેક અને મુખ્ય કેનાલમાં 15,380 ક્યુસેક એમ કુલ 15,994 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં જ ડેમની સપાટીમાં 16 સે.મી.નો વધારો નોંધાયો છે. ઉપરવાસમાં સારા વરસાદને પગલે ડેમમાં પાણીની આવક વધતા આગામી દિવસોમાં ડેમ તેની મહત્તમ સપાટીએ પહોંચે તેવી શક્યતા છે. ડેમ ભરાતા પીવાના પાણી અને ખેતી માટે સિંચાઈની ચિંતા દૂર થશે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં VMC ત્રાટક્યું

# ગંદકી ફેલાવતી પાન-ચાની દુકાનો સ્થળ પર જ સીલ

**અસિસ્ટન્ટ** કમિશનરના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૮ થી ૧૨માં સેનેટરી વિભાગની લાલ આંખ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પશ્ચિમ ઝોનના વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો અને સ્થળોએ ગંદકી ફેલાવતા પાન-મસાલા તથા ચાની લારી-ગલ્લા ધારકો અને વેપારીઓ સામે પાલિકાના સેનેટરી વિભાગે કાર્યવાહી કરી છે. અચાનક હાથ ધરાયેલી કામગીરીથી ગંદકી ફેલાવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

પશ્ચિમ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર જીતેન્દ્ર બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. 8, 9, 10, 11 અને 12માં ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ હતી. સેનેટરી વિભાગની અલગ-અલગ ટીમોએ મુખ્ય માર્ગો, જાહેર સ્થળો તથા વેપારી એકમોમાં આકસ્મિક તપાસ કરી હતી. કામગીરીમાં સિનિયર સેનેટરી ઈન્સ્પેક્ટર, સેનેટરી ઈન્સ્પેક્ટર, એમ.પી.ડબલ્યુ. સહિતના કર્મચારીઓ જોડાયા હતા. તપાસ દરમિયાન ચા અને પાન-મસાલાની લારીઓ તથા દુકાનો આસપાસ ગ્રાહકો દ્વારા પ્લાસ્ટિક અને કાગળના કપ, પાન-પડીકીના પ્લાસ્ટિક સહિતનો કચરો જાહેર રસ્તાઓ પર ફેંકતા હતા. જેના પગલે નિયમોનું ઉલ્લંઘન કરનારા ધંધાદારીઓ સામે સ્થળ પર જ કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાની ટીમે જાહેરમાં ગંદકી ફેલાવતા કેટલાક એકમો અને દુકાનોને સ્થળ પર જ સીલ કરી ભારે દંડ ફટકાર્યો હતો. પાલિકા તંત્રએ વેપારીઓ અને નાગરિકોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા તેમજ સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે. સાથે જ આગામી દિવસોમાં પણ નિયમોનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.

ચકલી સર્કલ પાસે જાહેર માર્ગ પર મોટું ગેરકાયદે દબાણ પર પાલિકાની દબાણ શાખાનો સપાટો

# હનુરામ સ્વીટનું રોડ પરનું 'તંબુ રાજ' તોડી પડાયું!

**વાહનચાલકો-** રાહદારીઓને થતી હાલાકી બાદ પાલિકાની લાલ આંખ, જાહેર રસ્તા-ફૂટપાથ પર દબાણ નહીં સહન કરવાની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા શહેરને દબાણમુક્ત કરવા અને વાહનવ્યવહાર સુગમ બનાવવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર વેપારીઓ અને સ્થાનિકો દ્વારા કરવામાં આવતા ગેરકાયદેસર દબાણો સામે પાલિકાનું દબાણ ખાતું આકરા પાણીએ જોવા મળી રહ્યું છે. જે અંતર્ગત શહેરના વોર્ડ નંબર ૧૧ વિસ્તારમાં આવેલ ચકલી સર્કલ પાસે પાલિકાની દબાણ શાખા દ્વારા એક મોટી કાર્યવાહી હાથ




ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, વોર્ડ નંબર ૧૧ માં ચકલી સર્કલ પાસે આવેલ મુખ્ય માર્ગ પર સ્થાનિક પ્રસિદ્ધ 'હનુરામ સ્વીટ' નામના વેપારી દ્વારા જાહેર રસ્તા પર જ વગર પરવાનગી એ એક મોટું તંબુ બનાવી દેવામાં આવ્યું હતું. આ તંબુના કારણે રોડનો મોટો ભાગ રોકાઈ જતો હતો, જેના લીધે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની અને રસ્તા પર ગેરકાયદે દબાણ થયું હોવાની વિગતો સામે આવતા જ મહાનગરપાલિકાની દબાણ શાખાની ટુકડી તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

દબાણ નિવારણ શાખાની ટીમે ઘ ટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. રોડ પર ઊભા કરવામાં આવેલા તંબુને સ્થળ પર જ તોડી પાડીને સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યું હતું. પાલિકાની આ અચાનક થયેલી સપાટાબંધ કામગીરીથી આસપાસના અન્ય દબાણકારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર રસ્તાઓ કે ફૂટપાથ પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ સહન કરવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં મુખ્ય માર્ગોને અવરોધતા દબાણો સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# અધિકારી-કોન્ટ્રાક્ટરની મિલીભગતથી થતા નબળા કામ રોકવા નવી કવાયત

**હાઈવે** તથા એક્સપ્રેસ-વે નિર્માણમાં હવે થર્ડ પાર્ટી ઓડિટર નિયુક્ત થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

દેશમાં તાજેતરના ભૂતકાળમાં લોકોએ અનેક હાઈવે અને એક્સપ્રેસ-વે પરના કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ખાસ કરીને નવા બનેલા રસ્તા થોડા મહિનામાં જ તૂટી જવા, ખાડા પડવા અને નબળા બાંધકામની ફરિયાદો વધતા કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે.

રોડ-રસ્તાના નબળા બાંધકામને રોકવા અને અધિકારી-કોન્ટ્રાક્ટરની મિલીભગત પર લગામ લગાવવા માટે માર્ગ પરિવહન મંત્રાલયે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી રાષ્ટ્રીય હાઈવે અને એક્સપ્રેસ-વેના તમામ નિર્માણ કાર્ય પર સતત નજર રાખવા માટે સ્વતંત્ર થર્ડ-પાર્ટી ઓડિટર્સની નિમણૂક કરવામાં આવશે. એક્સપ્રેસ-વે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ



પ્રોજેક્ટ્સની ગુણવત્તા અંગે ઉઠેલા સવાલોના જવાબમાં મંત્રાલયે આ મોટી કવાયત હાથ ધરી છે. નવી વ્યવસ્થા હેઠળ મંત્રાલય હવે બાંધકામની શરૂઆતથી લઈને પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી આશરે 5,000 કિલોમીટર લંબાઈના એક્સપ્રેસ-વે અને હાઈવેનું ઓન-સાઈટ નિરીક્ષણ કરશે. આ થર્ડ પાર્ટી ઓડિટર પ્રોજેક્ટની ડિઝાઈન, વપરાતા મટિરિયલની ગુણવત્તા અને કામની પ્રગતિનું સ્વતંત્ર રીતે ઓડિટ કરશે અને સીધો રિપોર્ટ મંત્રાલયને આપશે. જેથી કામમાં કોઈ બેદરકારી કે ભ્રષ્ટાચાર થાય તો તાત્કાલિક પગલાં લઈ શકાય.

સયાજીબાગ ઝૂમાં 'ફીડિંગ' બન્યું સફેદ વાઘણ રાધાના બચ્ચાં માટે પડકારરૂપ

# પ્રથમવાર માતા બનેલી વાઘણે દૂધ ન પીવડાવતા ત્રણે બચ્ચાના મોત

**રાજકોટથી** લવાયેલી માદા રાધાએ પ્રથમ વખત ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો, માતા દૂધ ન પીવડાવતા બે બચ્ચાં હેન્ડ-રેરિંગ પર લેવાયા

**એક બચ્ચાનું** જન્મ સમયે જ મોત, બીજાનું ત્રીજા દિવસે અને 21 દિવસ સુધી ઉછરેલા ત્રીજા બચ્ચાનું કિડની ફેલ થતાં મૃત્યુ



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરાના સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં રાજકોટથી લવાયેલી માદા સફેદ વાઘણ રાધાના ત્રણ બચ્ચાંના એક બાદ એક મોતના મામલે ઝૂ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. ઝૂ ક્યુરેટર પ્રત્યુષ પાટણકરે જણાવ્યું હતું કે, રાધા પ્રથમ વખત માતા બની હોવાથી તેમાં માતૃત્વનો પૂરતો અનુભવ જોવા મળ્યો નહોતો. જેના કારણે બચ્ચાંને માતાનું ધાવણ મળી શક્યું નહોતું. બે બચ્ચાંને હેન્ડ-રેરિંગ પર રાખી નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ફોર્મ્યુલા ફીડિંગ કરાવવામાં આવ્યું હતું. જોકે, એક બચ્ચું 21 દિવસ સુધી સારી રીતે વિકસ્યા બાદ અચાનક કિડની ફેલ થતાં મૃત્યુ પામ્યું હતું.

મળતી માહિતી મુજબ, ડિસેમ્બર 2025માં એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ રાજકોટથી સફેદ વાઘની યુવા જોડી વડોદરા સયાજીબાગ ઝૂ ખાતે લાવવામાં આવી હતી. આ બંને વાઘ વર્ષ 2023માં જન્મેલા છે. ત્યારબાદ તા.9 એપ્રિલ 2026ના રોજ માદા રાધાએ પ્રથમ વખત ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો હતો. જોકે, જન્મ સમયે જ એક બચ્ચાનું મૃત્યુ થયું હતું.

Iકીના બે બચ્ચાંને રાધા દ્વારા દૂધ પીવડાવવામાં આવ્યું ન હતું. નવજાત બચ્ચાંને માતાનું પ્રથમ ધાવણ એટલે કે કોલેસ્ટ્રમ ન મળવું તેમના માટે મહત્વપૂર્ણ બાબત બની હતી. આશરે 24 કલાક બાદ ઝૂ તંત્ર દ્વારા નક્કી કરાયેલી SOP મુજબ બંને બચ્ચાંને ઈન્ક્યુબેટરમાં રાખવામાં આવ્યા હતા અને હેન્ડ-રેરિંગ શરૂ કરવામાં આવ્યું હતું. રાજકોટ ઝૂના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ બંને બચ્ચાં માટે ફોર્મ્યુલા ફીડિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

જોકે, ફીડિંગ અને જરૂરી સંભાળ છતાં ત્રીજા દિવસે બીજા બચ્ચાનું પણ મૃત્યુ થયું હતું. બીજી તરફ ત્રીજું બચ્ચું શરૂઆતના 21 દિવસ સુધી સારી રીતે વિકસતું રહ્યું હતું. તંત્ર દ્વારા તેની સતત દેખરેખ અને સંભાળ રાખવામાં આવી રહી હતી. તેમ છતાં અચાનક તેની તબિયત લથડતાં તપાસ દરમિયાન કિડની ફેલ થવાના કારણે તેનું મૃત્યુ થયું હોવાનું ઝૂ તંત્રએ જણાવ્યું હતું.

ઝૂ ક્યુરેટર પ્રત્યુષ પાટણકરે જણાવ્યું હતું કે, નવજાત બચ્ચાં માટે માતાનું પ્રથમ ધાવણ રોગપ્રતિકારક શક્તિ વિકસાવવા માટે અત્યંત મહત્વનું હોય છે. રાધા પ્રથમ વખત માતા બની હોવાથી હોર્મોનલ ફેરફાર તેમજ અનુભવના અભાવે તેમાં પૂરતી માતૃત્વની ભાવના વિકસી ન હોવાનું જણાયું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, જો આગામી સમયમાં રાધા તરફથી ફરી બચ્ચાંના જન્મના શુભ સંકેત મળશે તો ઝૂ તંત્ર અગાઉથી સંપૂર્ણ તૈયારી સાથે જરૂરી તકેદારી રાખશે.

શહેરમાં હાઈ-બીમ પર લાગશે લગામ

# હવે ટુ-વ્હીલરમાં ડિફોલ્ટ લો-બીમ ફરજિયાત, LEDની તેજસ્વીતા ઘટશે

**રાત્રે** આંખો અંજાવતી હેડલાઈટ પર બ્રેક,કેન્દ્ર સરકાર લાવશે નવા કડક નિયમો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

રાત્રિના સમયે રસ્તા પર વાહન ચલાવતી વખતે સામેથી આવતી તેજ હેડલાઈટને કારણે થોડી સેકન્ડ માટે આંખો સામે અંધારા છવાઈ જવાની ફરિયાદ હવે સામાન્ય બની છે. ખાસ કરીને બાઈક અને કારમાં લગાવાતી આફ્ટરમાર્કેટ તેજ એલઈડી લાઈટ અને શહેરની અંદર સતત હાઈ-બીમના ઉપયોગથી અકસ્માતનું જોખમ વધ્યું છે. આ સમસ્યાને ધ્યાને લઈ કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે વાહનોની હેડલાઈટ અંગે



નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે.

ડ્રાફ્ટ મુજબ તમામ નવા ટુ-વ્હીલર વાહનોમાં ઓટોમેટિક હેડલેમ્પ ડિફોલ્ટ રૂપે લો-બીમ પર જ ચાલુ રહેશે. આ નિયમ જૂના વાહનોને લાગુ પડશે નહીં. આ ઉપરાંત હેડલાઈટની મહત્તમ તીવ્રતા ઘટાડવાનો પ્રસ્તાવ છે. ટુ-વ્હીલર માટે 1.5 લાખ કેન્ડેલાથી ઘટાડી 1 લાખ કેન્ડેલા અને કાર માટે 2.25 લાખથી ઘટાડી 1.5 લાખ કેન્ડેલા કરાશે. હેડલાઈટના કલર ટેમ્પરેચરને પણ 6,500 કેલ્વિન સુધી મર્યાદિત કરાશે, જેથી આંખમાં વાગતો સફેદ પ્રકાશ કાબૂમાં રહે. સરકારનો સૌથી મહત્વનો પ્રસ્તાવ હાઈ-બીમના દુરુપયોગને રોકવાનો છે. જો કોઈ વાહન શહેરમાં 60 કિ.મી. પ્રતિ કલાકથી ઓછી ઝડપે હાઈ-બીમ પર ચાલશે તો કેબિનમાં ઓડિયો એલર્ટ વાગશે. હાઈવે પર 60 કિ.મી.થી વધુ ઝડપે આ એલર્ટ બંધ રહેશે. આનો હેતુ શહેરમાં ડ્રાઈવરોને લો-બીમ વાપરવા પ્રેરવાનો છે. અધિકારીઓનું કહેવું છે કે, ફેક્ટરી ફિટેડ લાઈટ ઉપરાંત મોટી સમસ્યા લોકો દ્વારા જાતે લગાવાતી વધુ પાવરવાળી એલઈડી અને ખોટા એંગલ પર ફિટ કરેલી લાઈટ છે. આવી લાઈટોમાં યોગ્ય બીમ પેટર્ન હોતી નથી, જેથી પ્રકાશ સીધો સામેના ચાલકની આંખ પર પડે છે. તેથી માત્ર કેન્ડેલા ઘટાડવાથી જ ફરક નહીં પડે, આફ્ટરમાર્કેટ લાઈટ સામે કડક કાર્યવાહી પણ જરૂરી છે.